વંચાણે લીધું : ૧ નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં. ૫૩૪ /૨૦૨૦, તા.૧૬/૦૩/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ હુકમ.
૨ જીલ્લા ન્યાયાલય, તાપી મુ.વ્યારા ના કચેરી આદેશ નં. ૨૭/૨૦૨૨, તા. ૦૨/૦૨/૨૦૨૨.

# કચેરી આદેશ નં. ૨૭ સને ૨૦૨૨

નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં. ૫૩૪ /૨૦૨૦, તા.૧૬/૦૩/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ હુકમમાં જણાવેલ સુચનાઓને ધ્યાને લઇ નીચે મૂજબની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે.

(૧) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા Accident Information Report ૪૮ કલાકમાં નીચે જણાવેલ ઈ-મેઈલ આઇ.ડી. ઉપર મોકલવાનો રહેશે.

| SR. NO. | TRIBUNAL | E- MAIL ID |
|---|---|---|
| 1 | MACT (Main), Tapi at Vyara<br>MACT (Auxi), Tapi at Vyara | mact.tapi@gmail.com |

સંબંધિત એમ.એ.સી.પી. શાખા, વ્યારા દ્વારા ઈ-મેઈલ મારફત મળેલ Accident Information Report ની પ્રિન્ટ-આઉટ કાઢી એમ.એ.સી.પી. ટ્રીબ્યુનલનાં સંબંધિત પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ નિયમોનુંસાર આગળની જરૂરી કાર્યવાહી માટે રજુ કરવાની રહેશે. સદર રીપોર્ટ સંલગ્ન એમ.એ.સી.પી. નાં કાગળો સાથે સામેલ કરવાનાં રહેશે.

(૨) એમ.એ.સી.ટ્રીબ્યુનલનાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી દ્વારા એવોર્ડ જાહેર કર્યા બાદ, સંબંધિત ટ્રીબ્યુનલે એવોર્ડની ખરી નકલ એમ.એ.સી.પી. શાખા, વ્યારા સાથે સંલગ્ન રહી સંબંધિત ઈન્સ્યુરન્સ કંપની દ્વારા નિમવામાં આવેલ નોડલ ઓફિસરશ્રી/ઈન્સ્યુરન્સ કંપનીને ઇ-મેઈલ મારફત અમલવારી માટે મોકલી આપવાની રહેશે.

(૩) સંબંધિત પક્ષકાર/ ઈન્સ્યુરન્સ કંપની દ્વારા એવોર્ડની રકમ એમ.એ.સી.ટ્રીબ્યુનલનાં નીચે જણાવેલ બેંક એકાઉન્ટમાં RTGS કે NEFT મારફત જમા કરાવવાની રહેશે અને તેની જાણ એમ.એ.સી.ટી શાખા, જીલ્લા ન્યાયાલય, તાપી મું વ્યારાના ઈ-મેઈલ આઇ.ડી. **mact.tapi@gmail.com** ઉપર આ સાથે સામેલ પુરસીસ મુજબ કરવાની રહેશે.

| SR. NO. | TRIBUNAL | BANK DETAILS |
|---|---|---|
| 1 | MACT (Main), Tapi at Vyara<br>MACT (Auxi), Tapi at Vyara | Name of the Bank:- **State Bank of India**<br>Bank Acc. Name:- **Additional District Judge Vyara (CCD-009)**<br>Name of Branch:- **Nr. Shivaji Library, Surati Bazar, Vyara, Dist. Tapi.**<br>Account No. :- **33842964576**<br>IFSC Code :- **SBIN0000532**<br>MICR No. :- **394002071** |

એમ.એ.સી.ટ્રીબ્યુનલે એવોર્ડ જાહેર કરતી વખતે એવોર્ડની રકમની ચુકવણી બાબતે ટ્રીબ્યુનલના બેંક એકાઉન્ટની વિગતો એવોર્ડમાં સ્પષ્ટપણે દર્શાવવી. વધુમાં વળતર અરજીના ઠરાવ તથા એવોર્ડમાં CNR નંબર અચુક દર્શાવવા.

(૪) એમ.એ.સી.ટી. શાખા, જીલ્લા ન્યાયાલય, તાપી મું. વ્યારાને ઈ-મેઈલ મારફતે મળેલ પુરસીસ જીલ્લા ન્યાયાલય, વ્યારાની નાઝર શાખામાં મોકલવાની રહેશે. નાઝર શાખાનાં સંબંધિત કર્મચારીએ તેની નોંધ એક અલગ રજીસ્ટરમાં કરવાની રહેશે તથા બેંક એકાઉન્ટમાં પૈસા જમા થયેલ હોવાની ખાત્રી કર્યા બાદ સીવીલ મેન્યુઅલ મુજબનાં એકાઉન્ટ રજીસ્ટરમાં પણ તેની નોંધ કરવાની રહેશે અને દર મહિનાને અંતે રીકન્સીલેશન અંગેની કાર્યવાહી કરી તે અંગેનો રીપોર્ટ સંબંધિત ડ્રોઈંગ ઓફિસરશ્રીને કરવાનો રહેશે. તદ્ઉપરાંત એવોર્ડની રકમ જમા થયેથી, નાઝર શાખા, જીલ્લા ન્યાયાલય, તાપી મું. વ્યારા દ્વારા એવોર્ડની રકમ અરજદારને ચુકવવા / એફ.ડી. કરવા અંગેની નિયમોનુંસાર આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૫) નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા દ્વારા રીટ પીટીશન (સીવીલ) નં. ૫૩૪/૨૦૨૦, તા.૧૬/૦૩/૨૦૨૧ નાં રોજ કરવામાં આવેલ હુકમ માં જણાવેલ સુચનાઓ ધ્યાને લઈ અત્રેની કચેરી દ્વારા આમુખ નં. ૨ થી વંચાણે લીધેલ કચેરી આદેશના નિર્દેશ અનુસાર સંબંધિત વકીલશ્રી/પક્ષકાર દ્વારા મોટર એકસીડન્ટ કલેઇમ પીટીશન તથા વળતર મેળવવા અંગેની અરજી દાખલ કરતી વખતે, અરજી સાથે, આ સાથે સામેલ ચેકલીસ્ટ પણ સેન્ટ્રલ ફાઈલીંગ કાઉન્ટર, જીલ્લા ન્યાયાલય, તાપી મું.

વ્યારા ખાતે રજુ કરવાનું રહેશે. વધુમાં સેન્ટ્રલ ફાઈલીંગ કાઉન્ટર ,વ્યારા ખાતે ફરજ બજાવતા જવાબદાર કર્મચારીએ ચેકલીસ્ટમાં જણાવેલ વિગતોની ખરાઈ કર્યા બાદ જ અરજી સ્વીકારવાની રહેશે.

(૬) સદર હુકમની નકલ જીલ્લા ન્યાયાલય, તાપી મું. વ્યારા ની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમની જાણ સંબંધિતને કરવી.

*સહી/-*
*(એસ. વી. વ્યાસ)*
*મુખ્ય જિલ્લા ન્યાયાધીશ*
*તાપી મુ. વ્યારા*

*જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારા*
*તા. ૦૨/૦૨/૨૦૨૨*

**જા.નં.વહીવટી.૧૦.સી./૯૭/૨૦૨૨**

**નકલ સવિનય રવાના-**

૧. મહે. એડીશનલ ડીસ્ટ્રીકટ જજશ્રી, તાપી મુ. વ્યારા.
૨. જીલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારાની તમામ બ્રાંચ.
૩. કોમ્પ્યુટર શાખા, જીલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારા તરફ જીલ્લા ન્યાયાલય ની વેબ-સાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
૪. ડી.જી.પી.શ્રી, તાપી- વ્યારા તથા એ.પી.પી.શ્રી વ્યારા/વાલોડ/ડોલવણ/સોનગઢ/ઉચ્છલ/નિઝર.
૫. પ્રમુખશ્રી,બાર એસોસીયેશન, વ્યારા/વાલોડ/ડોલવણ/સોનગઢ/ઉચ્છલ/નિઝર.
૬. પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, તાપી મુ. વ્યારા
   તરફ જાણ તથા ઉપરોકત ઇ-મેઈલ આઈ.ડી. ની વિગત તમામ પોલીસ સ્ટેશનનાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
૭. તમામ ઈન્સ્યોરન્સ કંપનીઓ તરફ .(લીસ્ટ મુજબ, ઇ-મેઈલ મારફત)
   તરફ જાણ તથા જરુરી કાર્યવાહી થવા સારુ...........

*હુકમથી*

*(વી.એમ.ગામીત)*
*ઈ.ચા. રજીસ્ટ્રાર,*
*જીલ્લા ન્યાયાલય, તાપી મુ.વ્યારા*